
ગાંધીનગર સમાચાર

# નેપાળના ભૂકંપની અસર ભારતમાં

## સમગ્ર ઉત્તર-ઉત્તર પૂર્વ ભારતના રાજ્યોમાં ભૂકંપથી મોટી ખુવારી : ૩૪થી વધુના મોત








નવી દિલ્હી,તા. ૨૫

નેપાળમાં ૭.૯ની તીવ્રતાના વિનાશકારી ભૂકંપ બાદ તેની માઠી અસર ભારતમાં પણ જોવા મળી હતી. ભારતના મોટાભાગના રાજ્યો પણ ભૂકંપથી હચમચી ઉઠ્યા હતા. જો કે, નેપાળની સરહદ સાથે જોડાયેલા બિહાર અને અન્ય રાજ્યોમાં સૌથી માઠી અસર થઈ હતી. નેપાળમાં ભૂકંપ બાદ સમગ્ર ઉત્તર ભારત અને ઉત્તરપૂર્વ ભારતમાં તેની માઠી અસર થઈ હતી અને તમામ રાજ્યોમાં ખળભળાટ મચી ગયો હતો. નેપાળમાં આંચકો આવ્યા બાદ તરત જ તેની સીધી અસર ભારતીય રાજ્યો ઉપર થઈ હતી. દિલ્હી-એનસીઆર, ઉત્તરપ્રદેશ, હરિયાણા, બિહાર, પશ્ચિમ બંગાળ અને સિક્કમ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોમાં પ્રચંડ આંચકો અનુભવાયો હતો. ભારતમાં પણ જુદા જુદા રાજ્યોમાં મોતનો આંકડો વધીને ૪૦ ઉપર પહોંચ્યો હતો. સૌથી માઠી અસર બિહાર અને અન્ય રાજ્યોમાં થઈ હતી. જુદા જુદા રાજ્યોમાં પણ ઈમારતો ધરાશાયી થવાની, મકાનોમાં તિરાડ પડવાની અને લોકો ઘાયલ થવાના અહેવાલ આવ્યા છે. તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ તરત સક્રિય થઈ ગયા હતા.

દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું હતું કે, લોકોને શાંતિ જાળવી રાખવા માટે અપીલ કરવામાં આવી છે. ભારતના મણિપુર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશમાં પણ તેની અસર થઈ હતી. ઉત્તર અને ઉત્તરપૂર્વીય ભારતમાં સૌથી માઠી અસર જોવા મળી હતી. પીએમઓએ માહિતી આપતા કહ્યું હતું કે, ભૂકંપ બાદ દરેક રાજ્યોમાં બચાવ અને રાહત કામગીરી હાથ ધરાઈ હતી. નેપાળની સરખામણીમાં ભારતમાં ઓછું નુકસાન થયું છે. દિલ્હી, જયપુર, લખનૌ સહિતના ભારતના મોટાભાગના રાજ્યો બપોરના ગાળામાં હચમચી ઉઠ્યા હતા. દરેક જગ્યાએ તીવ્રતા જુદી જુદી અનુભવાઈ હતી. દિલ્હીમાં તીવ્રતા પાંચની નોંધાઈ હતી જ્યારે બિહાર અને પશ્ચિમ બંગાળમાં તીવ્રતા વધારે નોંધાઈ હતી. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. બીજી બાજુ દિલ્હી અને કોલકત્તામાં મેટ્રો ટ્રેનને રોકી દેવામાં આવી હતી. ભારતના મોટા ભાગના રાજ્યોમાં આંચકા અનુભવાયા હતા. દિલ્હી-એનસીઆર, ઉત્તરપ્રદેશ, હરિયાણા, બિહાર, પશ્ચિમ બંગાળ અને સિક્કમ, રાજસ્થાન અનો મહારાષ્ટ્રમાં આંચકો અનુભવાયો હતો. દિલ્હી સહિત રાજ્યો મિનિટો સુધી હચમચી ઉઠ્યા હતા. સવારમાં લોકો તેમના ઘરમાંથી બહાર આવી ગયા હતા. તીવ્ર આંચકાનો અનુભવ બેથી ત્રણ મિનિટ સુધી લોકો દહેશતમાં રહ્યા હતા. સામાન્ય રીતે આટલા ગાળા સુધી ક્યારેય આંચકાની અસર રહી નથી. અત્રે નોંધનીય છે કે ૧૨મી નવેમ્બરના દિવસે પણ દિલ્હીમાં આંચકો આવ્યો હતો. એ દિવસે ત્રણ કલાકની અંદર ચાર વખત આંચકો આવ્યો હતો. એ વખતે જે આંચકો આવ્યો હતો તેનુ કેન્દ્ર દિલ્હીમાં નોંધાયું હતુ. આજના આંચકા બાદ સમગ્ર વિજ્ઞાનના લોકો અભ્યાસમાં લાગી ગયા હતા. દિલ્હીમાં ધરતીકંપની તીવ્રતા ૫ જેટલી નોંધાઈ હતી. પ્રાથમિક અહેવાલ મુજબ ભાજપમાં જે ૩૪ લોકોના મોત થયા છે તે પૈકી બિહારમાં ૨૫, બંગાળમાં ત્રણ અને ઉત્તરપ્રદેશમાં છ લોકોના મોત સામેલ છે.

**તમામ આફ્ટરશોક્સની તીવ્રતા પણ પાંચથી વધુ**

## પ્રચંડ ભૂકંપ બાદ કલાકોમાં ૧૬ આંચકા

કાઠમંડુ,તા. ૨૩

નેપાળમાં રિક્ટર સ્કેલ ઉપર ૭.૯ની તીવ્રતાના પ્રચંડ અને શક્તિશાળી ભૂકંપ બાદ આફ્ટરશોક્સનો સિલસિલો જારી રહ્યો હતો. કલાકોના ગાળામાં જ ૧૪થી પણ વધારે આંચકાઓથી લોકો ફફડી ઉઠ્યા હતા. લોકો પોતાના ઘરમાં



પણ જવા તૈયાર દેખાયા ન હતા. ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. નેપાળના પાટનગર કાઠમંડુ અને અન્ય તમામ વિસ્તારોમાં પ્રચંડ આંચકાઓથી લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. નેપાળમાં લામજંગ જિલ્લામાં ભૂકંપનું કેન્દ્ર રહ્યું હતું. લામજંગ પાટનગર કાઠમંડુથી ૭૫ કિલોમીટરના અંતરે સ્થિત છે. વિનાશકારી ભૂકંપના બે કલાકથી પણ વધુ સમય સુધી આંચકાઓનો દોર જારી રહ્યો હતો. આફ્ટરશોક્સના કેન્દ્રો જુદા જુદા વિસ્તારમાં નોંધાયા હતા. કેટલાક કેન્દ્રો કોડારીમાં પણ નોંધાયા હતા. આફ્ટરશોક્સ જે નોંધાયા હતા તેની તીવ્રતા પણ ૫.૧થી લઈને ૬.૬ સુધી નોંધાઈ હતી. જેના કારણે બચાવ અને રાહત કામગીરી આડે પણ અડચણો આવી હતી. જુદા જુદા રાજ્યોમાં નેપાળમાં તરત જ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તમામ જગ્યાએ એલર્ટની પણ જાહેરાત કરવામાં આવી હતી. નેપાળમાં હાલમાં જ બનેલા મોટાભાગના આવાસો પણ ટકી શક્યા ન હતા. મોટાભાગની ઈમારતો અને મંદિરો ધરાશાયી થઈ ગઈ હતી. પ્રથમ આંચકા બાદ ૧૪ જેટલા આંચકાઓ અનુભવયા હતા. નેપાળ એવરેસ્ટ બેઝ કેમ્પ ખાતે પણ ઘણા લોકો ફસાયા હોવાના અહેવાલ મળ્યા હતા.

## નેપાળ ભૂકંપ બાદ કાઠમંડુ એરપોર્ટને અંતે બંધ કરાયું

નવીદિલ્હી,તા. ૨૫

નેપાળમાં પ્રચંડ અને શક્તિશાળી ભૂકંપ બાદ સાવચેતીના પગલારુપે કાઠમંડુ વિમાની મથકને બંધ કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેના પરિણામ સ્વરુપે ભારતમાંથી ફ્લાઈટો પણ રદ કરવામાં આવી હતી. અગાઉ નેપાળની ફ્લાઈટો ભારતમાં ડાઈવર્ટ કરવામાં આવી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ નેપાળ માટેની ઈન્ડિગોની ફ્લાઈટ જે સવારે ૧૧.૩૦ વાગે રવાના થનાર હતી તે ફ્લાઈટને રદ કરવામાં આવી હતી. અન્ય બે ફ્લાઈટોને પણ રદ કરવામાં આવી હતી. નેપાળમાં આજે ૧૧.૪૧ વાગે અને ત્યારબાદ ૧૨.૧૯ મિનિટે પ્રચંડ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યારબાદ પણ આંચકાઓનો દોર જારી રહ્યો હતો. કેટલીક અન્ય એરલાઈન્સોએ પણ નેપાળમાં તેમના ઓપરેશનને શરૂ કરતા પહેલા પરિસ્થિતિ ઉપર નજર રાખી હતી. ઈન્ડિગોની ફ્લાઈટ કાઠમંડુથી પરત બોલાવી લેવામાં આવી હતી. જેટ એરવેઝ અને એર ઈન્ડિયાની બે ફ્લાઈટોને પણ રવાના કરાઈ ન હતી. સ્પાઈસ જેટની નેપાળની ફ્લાઈટ પણ રોકી દેવામાં આવી હતી. રિક્ટર સ્કેલ ઉપર ૭.૯ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપથી નેપાળ હચમચી ઉઠ્યું હતું. નેપાળમાં મોતનો આંકડો સતત વધી રહ્યો છે ત્યારે નેપાળમાં વિમાની સેવા સંપૂર્ણપણે ઠપ કરી દેવામાં આવી છે. સાવચેતીરુપે આ નિર્ણય લેવાયો છે. નેપાળમાં રાજમાર્ગોઅને સામાન્ય રસ્તાઓ સંપૂર્ણપણે તુટી ગયા છે જેથી સ્થિતિને સુધારવામાં હજુ કેટલાક દિવસનો સમય લાગે તેવી શક્યતા છે. મોબાઈલ સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે જેથી લોકો સંપર્ક વિહોણા થઈ ગયા છે. સગાસંબંધીઓ પણ ચિંતિત બન્યા છે.

**અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત**

## નેપાળ-ભારતમાં ભૂકંપ બાદ મોદી પોતે સતત સક્રિય રહ્યા

નવીદિલ્હી,તા. ૨૫

નેપાળ અને ભારતના મોટાભાગના રાજ્યો ભૂકંપથી હચમચી ઉઠ્યા ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ ખુબ જ સક્રિય રહ્યા હતા અને પરિસ્થિતિ ઉપર પોતે નજર રાખી રહ્યા હતા. મોદીએ પોતાના કેબિનેટના પ્રધાનોને પણ સતત સક્રિય રાખ્યા હતા અને રાજ્યો સાથે સંપર્કમાં રહેવા કહ્યું હતું. પ્રચંડ ભૂકંપના મિનિટો બાદ જ મોદીએ અસરગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે તરત ફોન ઉપર વાત કરી હતી. પરિસ્થિતિ ઉપર જાતે નજર રાખી હતી અને બેઠકોનો દોર જારી રાખ્યો હતો. મોદીએ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર, સિક્કિમના પવન ચામલિંગ સાથે વાત કરી હતી. નેપાળના વડાપ્રધાન સુશીલકુમાર કોઈરાલા સાથે પણ વાત કરવાના પ્રયાસ કરાયા હતા. જે હાલમાં વિદેશમાં છે. ત્યારબાદ તેઓએ નેપાળી પ્રમુખ શ્રીરામ બારન યાદવ સાથે વાત કરી હતી. મોદીએ પોતાના પર્સનલ એકાઉન્ટથી ટ્વિટ કરીને કહ્યું હતું કે, વધુ માહિતી એકત્રિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ભૂકંપ બાદ ઉભી થયેલી પરિસ્થિતિ ઉપર ચર્ચા કરવા બપોરે ત્રણ વાગે મંત્રાલયો અને ટોપ અધિકારીઓની ઉચ્ચ સ્તરીય બેઠક પણ બોલાવી હતી. દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું હતું કે, તેઓ પોતે પણ પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છે. ખાસ કરીને દાર્જીલિંગ અને સીડીગુડીમાં ભારે નુકસાન થયું છે. મમતાએ કહ્યું હતું કે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને અન્ય ટીમ સક્રિય રહેલી છે. મોદી સરકારે તમામ અધિકારીઓને દોડતા રાખ્યા હતા. કન્ટ્રોલરુમની રચના પણ વિદેશમંત્રાલયમાં કરવામાં આવી હતી. ભારતે પોતાના પરિવહન વિમાન સી-૧૭ ગ્લોબમાસ્ટર અને સી-૧૩૦ હરક્યુલસ વિમાનોને તૈયાર રાખ્યા હતા. મોદીએ ગૃહમંત્રી રાજનાથસિંહ સાથે પણ સતત સંપર્કમાં રહીને વાતચીત અંગે માહિતી મેળવી હતી. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું હતું કે, પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબૂ હેઠળ છે.

**વિશ્વપ્રસિદ્ધ પશુપતિનાથ મંદિર અકબંધ રહ્યું**

## નેપાળમાં ભૂકંપની સાથે સાથે

**નેપાળમાં ૮૦ વર્ષનો સૌથી વિનાશકારી ભૂકંપ નોંધાયો**

કાઠમંડુ, તા. ૨૫

- નેપાળમાં ૭.૯ની તીવ્રતાના પ્રચંડ આંચકા બાદ બીજા ૧૪ આંચકા નોંધાયા
- પાટનગર કાઠમંડુ સહિત તમામ વિસ્તારોમાં પ્રચંડ ભૂકંપથી ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ
- નેપાળના ઈતિહાસમાં સૌથી વિનાશકારી ભૂકંપ નોંધાયો
- નેપાળના લામજંગ જિલ્લામાં ભૂકંપનું કેન્દ્ર નોંધાયું
- પ્રથમ ભૂકંપના બે કલાક બાદ પણ આંચકાઓનો દોર જારી જ રહ્યો
- આંચકાઓની તીવ્રતા પણ પાંચથી વધારે નોંધાઈ
- નેપાળના મોટાભાગની હોસ્પિટલમાં ઈજાગ્રસ્તો અને મૃતદેહોને ખસેડવામાં આવ્યા
- બચાવ અને રાહત કામગીરી આડે પણ આંચકાઓ જારી રહેતા અડચણો ઉભી થઈ
- નેપાળમાં કલાકો સુધી લોકો પોતાના જીવ બચાવવા ભાગતા નજરે પડ્યા
- અગાઉના વિનાશકારી ભૂકંપોની યાદ તાજી થઈ
- ૧૯મી સદીના ઐતિહાસિક ટાવર ધારાહારા પણ ધરાશાયી થયું
- છેલ્લા ૧૦ વર્ષથી પ્રવાસીઓ માટે ઐતિહાસિક સીમાચિન્હરુપી બની ગયેલા અને ૧૮૩૨માં બનેલા ટાવરને ભારે નુકસાન થયું
- ટાવરમાંથી પણ મૃતદેહો કાઢવામાં આવ્યા
- માઉન્ટ એવરેસ્ટ ખાતે પણ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા
- નેપાળમાં વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા
- નેપાળમાં વિશ્વપ્રસિદ્ધ પશુપતિનાથ મંદિરને નુકસાન ન થતાં તંત્રને રાહત થઈટ
- નેપાળમાં બચાવ કામગીરીમાં મદદરુપ થવા ભારતીય ટુકડી પહોંચી
- નેપાળને પુરતી મદદ કરવાની ભારત સહિતના દેશોએ ખાતરી આપી
- ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળના પ્રમુખ સાથે તરત જ વાતચીત કરી
- કાઠમંડુ ખીણ અને આસપાસના જિલ્લાઓમાં સૌથી વધારે નુકસાન થયું
- ભારતમાંથી નેપાળની તમામ ફ્લાઈટો રદ કરી દેવામાં આવી
- તબીબો દ્વારા ઘટનાસ્થળે સારવારમાં આપવામાં આવી
- નેપાળના કાઠમંડુ ખાતે ભારતીય દૂતાવાસમાં હેલ્પલાઈન નંબરની શરૂઆત કરવામાં આવી
- હેલ્પલાઈન નંબર ૦૦૯૭૭-૯૮૫૧૧૦૭૦૦૨૧, ૦૦૯૭૭-૯૮૫૧૧૩૫૧૪૧
- નેપાળભરમાં મોબાઈલ સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ

## મથુરા : શ્રીકૃષ્ણ ઉત્સવને લઈ શ્રદ્ધાળુઓમાં ઉત્સાહ

મથુરા,તા. ૨૫

જેની ઉત્સુકતાપૂર્વક મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રાહ જોઈ રહ્યા છે તે બે દિવસીય શ્રીકૃષ્ણ મહોત્સવ આવતીકાલે રવિવારથી શરૂ થઈ રહ્યો છે. આમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે તેવી શક્યતા છે. મથુરાને વૈશ્વિક સાંસ્કૃતિક સ્થળ તરીકે રજૂ કરવાનો પણ આની પાછળ હેતુ રહેલો છે.મથુરામાં આ અંગેની માહિતી આપતા શ્રીકૃષ્ણ મહોત્સવ ૨૦૧૫ના કન્વીનર અને ભાજપના સાંસદ હેમા માલિનીઅ કહ્યુ છે કે ભારતીય સંસ્કૃતિને વધારે મહત્વ આપવા અને તેને રજૂ કરવાના હેતુથી આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આકર્ષિત કરવાનો પણ હેતુ રહેલો છે. હેમા માલિનીએ કહ્યું છે કે એક વખત આ જમીન પર પહોંચ્યા બાદ તેમને અહીંથી જવુ ગમશે નહી. કારણ કે ખુબ આકર્ષણ રાખવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં ભેગા થનાર નાણાંનો ઉપયોગ હાલમાં કમોસમી વરસાદ અને કરા પડવાના કારણે ખેડુતોને નુકસાન થયા બાદ તેમને આપવામાં આવનાર છે. મથુરામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ ઉમટી પડે તેવો હેતુ રાખવામાં આવ્યો છે. ભગવાન કૃષ્ણની બાલ લીલાને પણ રજૂ કરવામાં આવનાર છે. આ ઉત્સવનુ પ્રસારણ ૧૭મી મેના દિવસે ખાનગી મનોરજંન ચેનલ દ્વારા કરવામાં આવનાર છે. સવારમાં પુજા સાથે મહોત્સવની શરૂઆત થશે.

**નેપાળે મદદ બદલ આભાર માન્યો**

## વિદેશ મંત્રાલયમાં ૨૪ કલાક માટે કન્ટ્રોલરૂમ

નવીદિલ્હી,તા. ૨૫

નેપાળમાં વિનાશકારી ભૂકંપ બાદ વિદેશમંત્રાલયમાં કન્ટ્રોલરૂમની શરૂઆત કરવામાં આવી હતી. નેપાળે આના માટે આભાર માન્યો હતો. ૨૪ કલાકના કન્ટ્રોરુમની શરૂઆત કરવામાં આવી છે. વિદેશ રાજ્યમંત્રી વીકે સિંહે માહિતી આપતા કહ્યું હતું કે, કટોકટીના સમયમાં નેપાળની સાથે ભારત ઉભુ છે. તમામ પ્રકારની મદદ નેપાળને આપવામાં આવશે. નેપાળના નિયુક્ત રાજદૂત દીપકુમાર ઉપાધ્યાયે કહ્યું હતું કે, તેમના દેશને ભારત



પાસેથી મોબાઈલ મેડિકલ સહાય યુનિટની જરૂર છે. અન્ય મદદ પણ કરી શકાય છે. મોદી, રાજનાથસિંહ ઉપરાંત અન્ય પ્રધાનો સતત સક્રિય દેખાયા હતા. નેપાળને મદદરુપ થવા જુદી જુદી ટુકડીઓ પણ મોકલવામાં આવી રહી છે. નેપાળમાં ભારતીય ટુકડી બચાવ અને રાહત કામગીરીમાં ભાગ લેનાર છે. સી-૧૩૦ જે સુપર હરક્યુલેસ વિમાનને નેપાળ મોકલવામાં આવ્યું છે. રાહત અને બચાવના પ્રયાસ માટે એનડીઆરએફની ટીમ પણ મોકલવામાં આવી છે અન્ય તમામ મદદની ખાતરી પણ અપાઈ છે. ૨૪ કલાકના કન્ટ્રોલરુમના નંબર ૯૧૧૧૨૩૦૧૨૧૧૩, ૯૧૧૧૨૩૦૧૪૧૦૪, ૯૧૧૧૨૩૦૧૭૯૦૫ છે.

## વડાપ્રધાન મોદીએ દિલ્હી મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી

નવી દિલ્હી,તા. ૨૫

હમેંશા કઈ નવુ કરવા માટે તૈયાર રહેનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર તમામ લોકોને ચોંકાવી દીધા છે. સવારમાં તેઓ એરપોર્ટ મેટ્રોમાં બેસીને ધોળા કુઆથી દ્વારકા સેક્ટર-૨૧માં પહોંચ્યા હતા. જયા તેઓએ નેશનલ ઈન્ટેલિજન્સ એકેડમીની નવી ઈમારતનુ ઉદ્‌ઘાટન કરવા માટે પહોંચ્યા હતા. આ અગાઉ પણ મોદી સરકારના કેટલાક પ્રધાનો મેટ્રોમાં મુસાફરી કરી ચુક્યા છે. મોદીએ આશરે ૧૦-૩૦ વાગે ટ્વીટ કરીને માહિતી આપી હતી કે તેઓએ દિલ્હી મેટ્રોમાં મુસાફરી કરી છે. સાત રેસકોર્સ રોડથી વડાપ્રધાનનો



કાફલો રવાનો થયો હતો. મોદીએ ત્યારબાદ અચાનક ધોળા કુઆમાં મેટ્રો ટ્રેન પકડી હતી. દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનને પણ કાર્યક્રમ અંગે માહિતી આપવામાં આવી ન હતી. મોદી સાથે મેટ્રોમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોવાલ પણ રહ્યા હતા. ૧૨ મિનિટની મેટ્રોની યાત્રા દરમિયાન મોદીની આસપાસની કેટલીક સીટ ખાલી રહી હતી. કેટલાક સુરક્ષા અધિકારી પણ હતા.અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રિય પ્રધાન નિતિન ગડકરીઅને શહેરી વિકાસ પ્રદાન વૈકેયા નાયડુ પણ એરપોર્ટથી સિવાજી સ્ડેડિયમ સુધી પ્રવાસ કરીને પહોંચ્યા હતા. ભુતકાળમાં અરવિન્દ કેજરીવાલ પણ પ્રવાસ કરી ચુક્યા છે. અન્ય પ્રધાનો પણ મુસાફરી કરી ચુક્યા છે. આજે આની ચર્ચા રહી હતી. મેટ્રોમાં મુસાફરીને લઈને એકાએક તમામ પાસે માહિતી પહોંચી હતી. મોદીએ પણ અચાનક જ મેટ્રોમાં મુસાફરી કરવાનો નિર્ણય કર્યો હતો. પહેલાથી કાર્યક્રમ ન હતો.

## ડીએલએફ પર પ્રતિબંધ મુકવા સેબીની રજૂઆત

નવીદિલ્હી,તા. ૨૫

સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ રિયલ એસ્ટેટની મહાકાય કંપની ડીએલએફ ઉપર ત્રણ વર્ષના માર્કેટ પ્રતિબંધ માટે આદેશની માંગણી કરીને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી દીધી છે. ડીએલએફ અને તેના છ ટોપના અધિકારીઓ ઉપર પ્રતિબંધ મુકી દેવાની માંગ કરવામાં આવી છે. જેમાં ચેરમેન કેપી સિંહ, તેમના બાળકો રાજીવ સિંહ અને પિયા સિંહ ઉપર પ્રતિબંધની માંગ કરવામાં આવી છે. સેબીની અરજી ઉપર સુનાવણી કરવા સહમત થયા બાદ જસ્ટિસ જે ચેલામેશ્વરઅને આરકે અગ્રવાલની બનેલી બેંચે ડીએલએફ અને તેના પ્રમોટરને નોટિસ ફટકારી છે. માર્કેટ રેગ્યુલેટર સેબીએ કોર્ટમાં અરજી કરીને સેટના આદેશને પડકાર ફેંક્યો છે. સિક્યુરિટી એપ્લેટ ટ્રીબ્યુનલના આદેશને પડકાર ફેંકીને સેબીએ અપીલ કરી હતી. સેટે ડીએલએફ ઉપર પ્રતિબંધ મુકવાના આદેશને રદ કરી દીધો હતો. ગયા વર્ષે ૧૦મી ઓક્ટોબરે તેના આદેશમાં સેબીએ ડીએલએફ અને તેના છ પ્રમોટરો ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો.